## પ્રકરણ – ૧૭

# માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલભ્ય સવલતોની વિગત

**માહિતી મેળવવા માટે ઉપલભ્ય સવલતોની વિગત**

લોકોને માહિતી મળી રહે તે માટે મહેસૂલ વિભાગમાં નીચે જણાવેલ સવલતો ઉપલબ્ધ છે.

જો કોઈ અરજદારની, વિભાગમાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવાની અરજી હોય તો તે માટે અરજદારે માગણી કરેલ રેકોર્ડનું નિરીક્ષણ કરવા માટે સગવડ કરવામાં આવી છે. સાથો સાથ કોઈ અરજદારને વિભાગને લગતા કોઈ આપવાપાત્ર દસ્તાવેજોની નકલની જરૂરીયાત હોય તો તેની નકલ પણ નિયમાનુસાર જરૂરી ફી જમા કરાવી મેળવી શકે છે.

વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવતા અધિનિયમો, નિયમો, નિયમ સંગ્રહની નકલ પણ વિભાગમાં ઉપલબ્ધ છે. જેનો પણ જાહેર જનતા જરૂર પડયે ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત કોઈ અરજદારને વિભાગને સબંધિત માહિતી સહેલાઈથી તેમના રહેણાંકના સ્થળે મળી રહે તે હેતુસર મહેસૂલ વિભાગને સબંધિત માહિતી,વિભાગની વેબસાઈટ www.revenuedepartment.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન કોઈ અગત્યની માહિતી કે જાણકારી કે જેની જનતાને જાણ કરવી પણ જરૂરી હોય તેવી માહિતી જે તે વખતે વર્તમાનપત્રોમાં જાહેર ખબર / અખબારી યાદી ધ્વારા પણ પ્રસિધ્ધ કરવાનું આયોજન છે.